અન્ય સમાચારો

રાજ્યમાં નોટરીની જગ્યાઓ ભરવા માટે આગામી ૧૬મેથી ઈન્ટરવ્યુની પ્રક્રિયા શરૂ કરાશે

અમારા પ્રતિનિધિ તરફથી, **અમદાવાદ,તા.૧૦ :** નાગરિકોને પોતાના ગામ-તાલુકામાં વધુ સરળતાથી નોટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના નિર્ધાર સાથે ગુજરાતમાં નોટરીની કુલ ૧,૬૬૦ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કામાં બોટાદ, પોરબંદર, મોરબી, દેવભૂમિદ્વારકા, નર્મદા, ડાંગ, તાપી અને છોટાઉદેપુર એમ આઠ જિલ્લાના ધારાશાસ્ત્રીઓ- ઉમેદવારો માટે આગામી તા.૧૬ મે-૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે ઈન્ટરવ્યુ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેમ કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

પદ્મવિભૂષણ સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્માની વિદાય

દેશના મહાન સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્મા નથી રહ્યા. તેઓ ૮૪ વર્ષના હતા. હૃદયરોગને કારણે મંગળવાર, ૧૦ મે, ૨૦૨૨ના રોજ તેમણે મુંબઈમાં આખરી શ્વાસ લીધાં હતાં. કાશ્મીરના લોકવાદ્ય સંતૂરનું વાદન કરીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનારા શિવકુમારે સંતૂરને ભારતીય શાસ્ત્રીય વાદ્ય બનાવ્યું, એ તેમનું સૌથી મોટું પ્રદાન ગણાય. દેશના સૌથી વધુ લોકપ્રિય શાસ્ત્રીય વાદકોમાંના એક એવાં શિવકુમારને દેશની ટોચની સંગીત નાટક અકાદેમીની ફેલોશિપ અને પદ્મવિભૂષણ જેવાં સન્માનથી નવાજાયા હતા.

૧૩ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ જમ્મુમાં ગાયિકા માતા ઉમા દત્તે તેમને જન્મ આપ્યો હતો. તેમની માતૃભાષા ડોગરી હતી. પિતાજીએ માત્ર પાંચ વર્ષની વયથી શિવકુમારને ગાયન અને તબલા વાદનની તાલીમ આપવાની શરૂઆત કરી હતી. તેર વર્ષની વયથી તેમણે સંતૂર શીખવાનું શરુ કર્યું હતું. છેક ૧૯૫૫માં ૧૭ વર્ષની વયે શિવકુમારે મુંબઈમાં શ્રોતાઓ સમક્ષ સંતૂરવાદન કર્યું હતું.

શિવકુમારે મનોરમાજી સાથે લગ્ન કર્યા હતા અને તેમને બે દીકરા છે. રાહુલ અને રોહિત. શિવકુમારના દીકરા રાહુલ શર્માએ પણ ૧૩ વર્ષની વયથી સંતૂર વાદન શીખ્યું અને ૧૯૯૬થી આ બાપદીકરા સંતૂરની જુગલબંદી કરે છે. એક મુલાકાતમાં શિવકુમારે જણાવ્યું હતું કે તેમણે રાહુલ શર્માને શિષ્ય રૂપે એટલા માટે સ્વીકાર્યા હતા કે તેનામાં 'ઈશ્વરીય વરદાન' છે.

શિવકુમાર શર્માને સંતૂર વાદ્યને લોકપ્રિય કરવાનો જશ મળે છે. વી. શાંતારામની ૧૯૫૬ની 'ઝનક ઝનક પાયલ બાજે'ના એક દશ્ય માટે શિવકુમારે સંતૂરવાદન કર્યું હતું. તેમનું પહેલું સોલો આલબમ ૧૯૬૦માં આવ્યું હતું.

મેના સિતારા
- નરેશ કાપડીઆ

૧૯૬૭માં શિવકુમારે બાંસુરીવાદક હરિપ્રસાદ ચૌરસિયા અને ગિટારવાદક બ્રીજ ભૂષણ કાબ્રા સાથે ટીમ બનાવીને કોન્સેપ્ટ આલબમ 'કોલ ઓફ ધ વેલી' બનાવીને મોટી સફળતા મેળવી હતી. એ ભારતના સૌથી સફળ શાસ્ત્રીય વાદ્ય સંગીત આલબમમાંનું એક છે.

પછી શિવકુમાર શર્મા અને હરિપ્રસાદ ચૌરસિયાએ 'શિવહરિ'ના નામે ૧૯૮૦ની ફિલ્મ 'સિલસિલા'થી ફિલ્મોમાં સંગીત આપવાનું શરુ કર્યું હતું. ત્યારબાદ તેમણે 'ફાસલે', 'ચાંદની', 'લમ્હેં' અને 'ડર' જેવી મોટી અને સફળ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું.

શિવકુમારના સંતૂરવાદનને દેશના સંગીતપ્રેમીઓએ ખૂબ ખૂબ વધાવ્યું છે. તેમણે સંતૂર અને ગિટારની જુગલબંદીથી ૧૯૬૪થી રેકોર્ડ્સ બનાવવી શરુ કરી હતી. તબલાવાદક ઝાકીર હુસૈન સાથે મુંબઈના એક કાર્યક્રમના રેકોર્ડિંગને 'વ્હેન ટાઈમ સ્ટૂડ સ્ટીલ' નામે આલબમ ૧૯૮૨માં આવ્યું હતું, જે પણ ખૂબ સંભળાયું છે. એજ બે કલાકારોનું રાગ મધુવંતી અને રાગ મિશ્ર તિલંગનું ૧૯૮૭નું આલબમ પણ ખૂબ સફળ થયું છે. ૧૯૮૮માં 'હિપ્નોટિક સંતૂર' આલબમ સફળ થયું. મ્યુઝીક ટુડેની 'માએસ્ટ્રોઝ ચોઈસ'ની પ્રથમ શ્રેણીમાં ૧૯૯૧માં અને દ્વિતીય શ્રેણીમાં ૧૯૯૯માં તેમણે સફળ આલબમ આપ્યા. ૧૯૯૧ના વર્ષે 'ધ સબ્લાઈમ ટ્રેન્સ', 'ધ ગ્લોરી ઓફ સ્ટ્રિંગ્સ'ની સફળતા બાદ દર વર્ષે પંડિત શિવકુમારના સંતૂરવાદનના શાસ્ત્રીય રાગ આધારિત ચાર-પાંચ આલબમ સતત આવતા રહ્યા. જાણીતી વાદ્ય સંગીત શ્રેણી 'ધ સાઉન્ડ સ્કેપ્સ'માં શિવકુમારે 'ધ સાઉન્ડ ઓફ માઉન્ટન' આલબમ આપ્યું હતું. ૧૯૯૬માં 'ધ વર્લ્ડ મ્યુઝીક નેટવર્ક' માટે 'ધ રફ ગાઈડ ટુ મ્યુઝીક ઓફ ઈન્ડિયા એન્ડ પાકિસ્તાન' સંગીત શ્રેણીમાં શિવકુમારે સંગીત -દાન કર્યું હતું. ૨૦૦૧માં તેમણે યુનિવર્સલ રેકોર્ડ્સ માટે જહોન મેકલેગીન અને ઝાકીર હુસૈન સહિતના અનેક સંગીતકારો સાથે શક્તિ શ્રેણીનું 'સેટરડે નાઈટ ઈન બોમ્બે - રીમેમ્બર શક્તિ' આલબમ આપ્યું જેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી હતી.

દેશના આ લાડીલા વાદ્યકારને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના ખૂબ માન-સન્માન-અકરામ પણ મળ્યાં છે. ૧૯૮૫માં અમેરિકાના બાલ્ટીમોર રાજ્યમાં તેમને માનદ નાગરિકત્વ અપાયું હતું. ૧૯૮૫માં દેશની સર્વોચ્ચ સંગીત સંસ્થા સંગીત નાટક અકાદેમીનો એવોર્ડ અપાયો હતો અને તેજ અકાદેમીનો ફેલોશીપ એવોર્ડ ૨૦૧૧માં તેમને રાષ્ટ્રપતિ પ્રણબ મુખરજીના હસ્તે આપવામાં આવ્યો હતો. આ મહાન સંગીતકારને ભારત સરકારે ૧૯૯૧માં પદ્મશ્રી અને ૨૦૦૧માં પદ્મવિભૂષણના સન્માનથી નવાજ્યા હતા.

તેમના સંગીતની સફળતાના ઉચ્ચબિંદુઓ સમી 'પ્લેટીનમ ડિસ્ક'નું સન્માન તેમના 'કોલ ઓફ ધ વેલી', 'સિલસિલા', ચાંદની'ને અને'ફાસલે' આલબમને ગોલ્ડ ડિસ્કનું માન મળ્યું હતું. છેલ્લે ૨૦૧૫માં શિવકુમારને પંડિત ચતુરલાલ એક્સેલન્સ એવોર્ડથી નવાજવામાં આવ્યાં હતાં.

૧૦ મે, ૨૦૨૨ની સવારે ૮.૩૦ કલાકે મુંબઈમાં હૃદયરોગના હુમલાને કારણે તેમનું ૮૪ વર્ષની વયે નિધન થયું છે. છેલ્લાં થોડાં મહિનાથી શિવકુમારજીને કિડનીના પ્રશ્નો સતાવતા હતાં અને તેઓ નિયમિત ડાયાલિસીસ કરાવતા હતા. તેમ છતાં તેઓ છેલ્લે સુધી સંતૂરવાદન અંગે પ્રવૃત્ત હતા. આગામી સપ્તાહે પંડિતજીના સંતૂરવાદનનો કાર્યક્રમ ભોપાલમાં યોજાવાનો હતો. એવું પરિવારના વર્તુળે જણાવ્યું હતું.

તેમના નિધનથી તેમના સંગીત પ્રેમીઓ શોકગ્રસ્ત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરતાં જણાવ્યું છે કે 'પંડિત શિવકુમાર શર્માજીના નિધનથી આપણું સાંસ્કૃતિક જગત રાંક બન્યું છે. તેમણે સંતૂરને વૈશ્વિક કક્ષાએ લોકપ્રિય કર્યું હતું. તેમનું મધુરું સંગીત આવનારી પેઢીઓને મંત્રમુગ્ધ કરતું રહેશે. તેમની સાથે થયેલી વાતચીતો મને યાદ આવે છે. તેમના પરિવારજનો અને શુભચિંતકોને આશ્વાસન. ઓમ શાંતિ.'

વિખ્યાત સરોદવાદક ઉસ્તાદ અમજદ અલી ખાને પંડિત શિવકુમાર શર્માના નિધન અંગે શોક વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ તેમની નીજી ખોટ છે. એમના જવાથી એક યુગ પુરો થયો છે. આજે સાંજે મુંબઈમાં તેમની અંતિમ ક્રિયા કરવામાં આવશે.

છેલ્લા પાનાનુ ચાલુ...

ડાંગમાં ૭ ઈન્ચાર્જ...

પ્રકારનાં વાંક કે ગુના, નોટીસ અથવા ખુલાસા વગર શિક્ષણ સમિતિની બેઠકમાં હરીશભાઈ બચ્છાવની રજુઆતને ધ્યાનમાં રાખી કેળવણી નિરીક્ષકનાં ચાર્જમાંથી મુક્ત કરવામાં આવેલ છે. જે નિયમ વિરુદ્ધ છે. સતાધારી નેતાનાં ગજગ્રાહમાં કેળવણી નિરીક્ષકને જિલ્લા પંચાયત દ્વારા એક પણ તક આપવામાં આવેલ નથી. ભવિષ્યમાં આ રીતે ડાંગનાં તમામ કેળવણી નિરીક્ષકો સાથે બની શકે છે. તેવા સંજોગોમાં ડાંગ જિલ્લા પંચાયતનાં જિલ્લા સદસ્ય અને શિક્ષણ સમિતિનાં સભ્ય હરીશભાઈ બચ્છાવનાં આક્ષેપોથી વાજ આવીને ડાંગ જિલ્લાનાં ૭ કેળવણી નિરીક્ષકો દ્વારા તેઓનું આત્મસન્માન જળવાઈ રહે તે માટે આજરોજ ઈન્ચાર્જ કેળવણી નિરીક્ષક પ્રાથમિક શિક્ષણ અધિકારીની કામગીરીમાંથી સ્વૈચ્છિક સામુહિક રાજીનામુ આપી વધારાનાં હવાલામાંથી મુક્તિની વિનંતી કરતા શિક્ષણ જગતમાં હડકંપ મચી જવા પામ્યો છે. ત્યારે ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રાથમિક શિક્ષણ વિભાગનાં કેળવણી નિરીક્ષકોનાં આ સામુહિક રાજીનામા સ્વીકારવામાં આવશે કે સમાધાનભર્યું વલણ અપનાવાશે તે સમય જ બતાવશે. આ બાબતે ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એમ.સી.ભુસારાએ જણાવ્યુ હતુ કે ડાંગ જિલ્લાનાં ત્રણેય તાલુકાનાં ૭ કેળવણી નિરીક્ષકોનાં સામુહિક રાજીનામાની અરજી મને મળી છે.આ સામુહિક રાજીનામા અંગેની દરખાસ્ત શિક્ષણ સમીતિમાં મુકાશે.આ બાબતે શિક્ષણ સમિતિ દ્વારા આખરી નિર્ણય લેવામાં આવશે.

સાંસદ નવનીત રાણા અને રવિ રાણા વડાપ્રધાન અને ગૃહમંત્રીને મળશે

(જી.એન.એસ) નવીદિલ્હી, તા.૧૦, અપક્ષ સાંસદ નવનીત રાણા અને તેમના ધારાસભ્ય પતિ રવિ રાણાએ સોમવારે જણાવ્યું હતું કે તેઓ જેલમાં મહારાષ્ટ્રના સત્તાવાળાઓ દ્વારા તેમની સાથે કરવામાં આવતા કથિત દુર્વ્યવહારનો મુદ્દો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સમક્ષ ઉઠાવશે. અહીં પત્રકારો સાથે વાત કરતા નવનીત રાણાએ કહ્યું હતું કે "ભારતીય જનતા પાર્ટીની પીઠમાં છરો મારનાર" મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે એ રાણાઓને સિદ્ધાંતોના પાઠ ન ભણાવવા જોઈએ. રાણા દંપતીએ મીડિયા સાથે વાત કરીને કોર્ટનો તિરસ્કાર કર્યો હોવાના આરોપને પણ નકારી કાઢ્યો હતો. અહીંની એક વિશેષ અદાલતે ૪ મેના રોજ દંપતીને જામીન આપતાં કહ્યું હતું કે તેઓ જામીન પર હોય ત્યારે સમાન પ્રકારના ગુના ન કરે અને કેસ સંબંધિત કોઈપણ બાબતે પ્રેસ સાથે વાતચીત ન કરે. રાણા દંપતીની મુંબઈ પોલીસે ૨૩ એપ્રિલે ધરપકડ કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે તેઓ અહીં મુખ્યમંત્રી ઠાકરેના ખાનગી નિવાસસ્થાન 'માતોશ્રી'ની બહાર 'હનુમાન ચાલીસા' પાઠ કરશે, જેનાથી શિવસેનાના કાર્યકરો નારાજ થયા હતા. નવનીત રાણાએ કહ્યું કે, અમે આજે દિલ્હી જઈ રહ્યા છીએ અને તે તમામ નેતાઓને મળીશું જેઓ મહિલાઓનું સન્માન કરે છે. હું વડા પ્રધાન, (કેન્દ્રીય) ગૃહ પ્રધાન અને લોકસભાના અધ્યક્ષને મળવા જઈ રહી છું અને તેમને જણાવવા જઈ રહી છું કે લોક-અપથી લઈને જેલ સુધી અમારી સાથે કેવું ખરાબ વર્તન કરવામાં આવ્યું. હું તેના વિશે ફરિયાદ કરવા જઈ રહ્યો છું." શિવસેના સાંસદ સંજય રાઉતને "પોપટ" ગણાવતા, નવનીત રાણાએ આરોપ લગાવ્યો કે તેણે "દંપતીને દફનાવવાની" વાત કરી હતી. "અમે અહીં તેની સામે ફરિયાદ નોંધાવી હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. એટલા માટે હું આ મુદ્દો ઉઠાવવા દિલ્હી જઈ રહ્યો છું." કોર્ટની તિરસ્કારનો પણ ઈનકાર કર્યો હતો. "અમે ગુના વિશે વાત કરી ન હતી, તે અમારી વિરુદ્ધ કેવી રીતે નોંધવામાં આવ્યો, 'હનુમાન ચાલીસા' વાંચી અને માતોશ્રી વિશે વાત કરી. લોક-અપથી લઈને જેલ સુધી મારી સાથે કેટલું ખરાબ વર્તન કરવામાં આવ્યું અને મારા સ્વાસ્થ્યની સમસ્યાઓને કેવી રીતે અવગણવામાં આવી તે વિશે અમે વાત કરી.

ટોકિયો પ્લાસ્ટ ઈન્ટરનેશનલ લિમિટેડ
રજી. ઓફિસ.: પ્લોટ નં. ૩૬૩/૧ (૧,૨,૩), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કચીગામ રોડ, દમણ, દમણ અને દીવ-૩૯૬૨૧૦
CIN: L25209DD1992PLC009784
વેબસાઈટ: www.tokyoplastint.in
ફોન : +91 22-61453300
ફેક્સ : +91 22-66914499

નોટિસ

અત્રેથી સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરેમન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ને રેગ્યુલેશન ૪૭ સાથે વાંચવા મુજબ અનુસરતાં નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સોની બેઠક જે ૩૧મી માર્ચ ૨૦૨૨ના પૂરાં થતાં વર્ષ અને ત્રૈમાસિક માટે તપાસાયેલ નાણાંકીય પરિણામ (એકલ અને એકત્રિત)ની સ્વીકૃતિ અને મંજૂરી અને એ સંબંધિત કામો માટે તા.૧૦મી મે, ૨૦૨૨ને મંગળવારે યોજાનાર હતી તે હવે તા.૧૩મી મે ૨૦૨૨ને શુક્રવારે યોજાશે.
વધુ વિગતો માટે રોકાણકારો કંપનીની વેબસાઈટ www.tokyoplastint.in ની અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com ની પણ મુલાકાત લઈ શકે છે.

બોર્ડના હુકમથી
સ્થળ : મુંબઈ — સહી/-હરેશ વી. શાહ
તારીખ: ૦૯/૦૫/૨૦૨૨ — ડિરેક્ટર
ડીઆઈએન : 00008339

એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ
મેડિકલ ડિપાર્ટમેન્ટ
સબ - ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, વલસાડ (એમએમસીટી ડિવિઝન)

એસઓયુની તારીખથી બે વર્ષના ગાળા માટે સબ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ વલસાડ માટે રેલ્વે બોર્ડ ઓન બિલિંગ સિસ્ટમ દ્વારા નિર્ધારિત કરાયેલી માર્ગદર્શિકા મુજબ સીજીએસએસ દરોએ તાકીદના સમયમાં રેલ્વેના લાભાર્થીઓ માટે મલ્ટીસ્પેશ્યાલિટી/સિંગલ સ્પેશ્યાલિટી / ડાયાલિસીસ હોસ્પિટલનો સૂચિબધ્ધ થવા માટે રસ દર્શાવવા બાબત (EOI).

સબ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ વલસાડ, મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે, લાગુ પડતા સીજીએચએસ દરો મુજબ રેલ્વેના લાભાર્થીઓને તાકીદની સારવાર માટે મલ્ટીસ્પેશ્યાલિટી/સિંગલ સ્પેશ્યાલિટી/ ડાયાલિસીસ હોસ્પિટલને સૂચિબધ્ધ કરવાનું આયોજન કર્યું છે. તેથી એસડીએચ/બીએલખેતી બિલિંગ સિસ્ટમ પર બે વર્ષ માટે સબ ડિડિવિઝનલ હોસ્પિટલ, વલસાડ સાથે કરારમાં દાખલ થવા માંગતા વલસાડ શહેરના કાર્યક્ષેત્રમાં સ્થિત મલ્ટી સ્પેશ્યાલિટી/સિંગલ સ્પેશ્યાલિટી/ડાયાલિસીસ હોસ્પિટલ પાસેથી ''મહોરબંધ કવર''માં રસ દર્શાવતા હોવાની (EOI) મંગાવવામાં આવે છે.

મહોરબંધ કવર ઉપર ''એસડીએચ/બીલ ખાતે બિલિંગ સિસ્ટમ પર તાકીદની સારવાર માટે સૂચિબધ્ધ થવા માટે (EOI)'' એમ દર્શાવીને ઉપલબ્ધ સારવાર માટેની સવલતોની યાદી સાથેની ઈચ્છા **ચીફ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ, સબ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, વલસાડ એમએમસીટી ડિવિઝન, પશ્ચિમ રેલ્વે, પીન-૩૯૬૦૦૧ને સંબોધીને સબ ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ, વલસાડને તા.૩૧/૦૫/૨૦૨૨ના કે તે પહેલાં ૯.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમ્યાન ભરી શકાશે.**

વધુ માહિતી માટે મહેરબાની કરીને **ચીફ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ રેલ્વે હોસ્પિટલ, વલસાડને કામના કોઈપણ દિવસે (સોમવાર-શુક્રવાર) સવારે ૯.૦૦ કલાકથી ૧૬.૩૦ કલાક દરમ્યાન કોન્ટેક નં. 8469667846** પર સંપર્ક કરવો.

વિગતવાર માર્ગદર્શિકા એમઓયુ ફોર્મેટમાં **https://wr.indianrailways.gov.in** ના ટેન્ડર વિભાગમાં અપલોડ કરવામાં આવેલ છે.

(સામાન્ય સૂચનો, અરજી અને એમ્પેનલમેન્ટ માટેની લાયકાત, જરૂરી ધારાધોરણ, શરતો અને ક્રાઈટેરીયા, ચૂકવણીનું માધ્યમ, કરારની માન્યતા, દરોની માન્યતા વગેરે).

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
Azadi Ka Amrit Mahotsav
0089
અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

---

કે.ટી. ઈટાલિયા (GAS), સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધરમપુરની કોર્ટમાં,

અરજદાર : **સુનિલભાઈ છગનભાઈ ભોગીયા,**
રહે. ભોગીયા, રહે. મેણધા, તા.કપરાડા
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, મેણધા**

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ - ૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી સુનિલભાઈ છગનભાઈ ભોગીયા, રહે. ભોગીયા, રહે. મેણધા, તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના પુત્ર ગૌરવભાઈ સુનિલભાઈ ભોગીયાનો જન્મ તા.૧૬/૦૬/૨૦૧૬ના રોજ મોજ.મેણધા, તા.કપરાડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી, ધરમપુર, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૯/૫/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં. એમએજી/જન્મ/રજી નં.૨૪/૨૦૨૨
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર, તા.ધરમપુર, જિલ્લા વલસાડ
તા.૯/૫/૨૦૨૨
(કોર્ટનો સિક્કો)
(કેતુલ ટી. ઈટાલિયા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુર

પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પારડીની કોર્ટમાં,
જ.મ.પ.અ.નં. ૩૭૫/૨૦૨૧

અરજદાર : **મદનકિશોર શંકરભાઈ પટેલ**
રહે. પટેલ ફળિયા, ચલા, સ્વામીનારાયણ ગુરુકુલ, તા. વાપી, જી. વલસાડ (વ.શ્રી. પુર્વા પી. ગજરે)
વિરુધ્ધ
સામાવાળા : **ચીફ ઓફિસરશ્રી,**
નગર પાલિકા ચલા-વાપી, તા. વાપી, જી.વલસાડ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી મદનકિશોર શંકરભાઈ પટેલ, રહે. પટેલ ફળિયા, ચલા, સ્વામીનારાયણ ગુરુકુલ, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પુત્ર કમલકુમાર મદનલાલ પટેલનો જન્મ તા.૨૨/૦૬/૧૯૮૨ ના રોજ મોજે-ચલા-વાપી, તા.વાપી મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડી, પ્રાંત કચેરી પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૧૦/૧૨/૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં. એમએજી/જન્મ/રજી નં.૩૭૫/૨૦૨૧
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પારડીની કચેરી, તાલુકા સેવા સદન, બ્લોક નં.૨, પહેલો માળ, પારડી, તા.પારડી, જી.વલસાડ
(કોર્ટનો સિક્કો)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પારડી

કે.ટી. ઈટાલિયા (GAS), સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ધરમપુરની કોર્ટમાં,

અરજદાર : **રામદાસભાઈ બુધિયાભાઈ ભોયા,**
રહે. કરજુન, પો.વરવઠ, તા.કપરાડા
વિરુધ્ધ
સામાવાળા : **જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, કરજુન**

જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ - ૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી રામદાસભાઈ બુધિયાભાઈ ભોયા, રહે. કરજુન, પો.વરવઠ, તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના પુત્રી નલિનાબેન રામદાસભાઈ ભોયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૫ના રોજ મોજ. કરજુન, તા.કપરાડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી, ધરમપુર, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૯/૫/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં. એમએજી/જન્મ/રજી નં.૨૭/૨૦૨૨
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર, તા.ધરમપુર, જિલ્લા વલસાડ
તા.૯/૫/૨૦૨૨
(કોર્ટનો સિક્કો)
(કેતુલ ટી. ઈટાલિયા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુર

અસલ રજીસ્ટ્રેશન પહોંચ/રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીશ

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, વલસાડ ડિસ્ટ્રીક્ટના રજી. સબ ડિસ્ટ્રીક્ટ પારડી તાલુકાના મોજે **''પારડી''** નગરપાલિકા વિસ્તારમાં આવેલી બીનખેતીની સ.નં. **૧૩૧/૩/પ્લોટ નં. ૧૨ થી ૧૩૧/૩/પ્લોટ નં. ૧૬ ની કુલ્લે ૮૮૫.૬૦ ચો.મી.ના ક્ષેત્રફળ** વાળી મિલકતમાં બાંધવામાં આવેલ **''પંચશીલ કોમ્પ્લેક્ષ''**ના **પહેલા માળે** આવેલ ફ્લેટ નં.૧૦૪, ક્ષે. ૬૯.૭૯ ચો.મી.ના સુપર બીલ્ટઅપ એરીયાના ક્ષેત્રફળવાળી ફ્લેટવાળી મિલકત સરકારી રેકર્ડ દફતરે **અમિષાબેન સુંદરભાઈ પટેલ**ના સ્વતંત્ર એકલાની માલિકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ છે.

ઉપયુક્ત મિલકત અંગે સદરહું માલિક પાસે નીચે જણાવેલ વેચાણ દસ્તાવેજ અંગેની રજીસ્ટ્રેશન ફી ભર્યા અંગેની અસલ રસીદ ગેરવલ્લે/ગુમ થયેલા છે, જેથી સદર મિલકત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો કે હક્ક હિસ્સો હોય તો તેવા ઈસમોએ આ નોટીશ પ્રસિધ્ધ થયાથી **દિન-૦૭** માં હમારો લેખીત પુરાવા સાથે સંપર્ક કરવો અને જો કોઈનો કોઈપણ પ્રકારનો ક્લેઈમ મળી આવશે નહીં તો તેવે વખતે સદર મિલકતનું ટાઈટલ સંપૂર્ણણે ચોખ્ખું અને માર્કેટેબલ છે તેવું ગણી સદર મિલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ અંગેની પ્રક્રિયા પરીપુર્ણ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની આ નોટીશ રૂએ નોંધ લેવી.

દસ્તાવેજો/અસલ રસીદો ખોવાયા અંગેની વિગત

અનુ. નં.	દસ્તાવેજનું વર્ણન	રસીદ નંબર	તારીખ
૧.	ઉપયુક્ત મિલકત અંગે અમિષાબેન સુંદરભાઈ પટેલ તથા મેસર્સ રાજ એન્ટરપ્રાઈઝ નામની ભાગીદારી પેઢી વચ્ચે થયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૦૬૪ અંગેની રજીસ્ટ્રેશન ફી ભર્યા અંગેની અસલ રસીદ.	૨૦૧૬૧૦૬ ૦૧૧૩૨૫	૨૧/૧૦/૨૦૧૬

ઓફિસ : ૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી-૩૯૬ ૧૯૧.

મુકેશ એમ. ઠુંમર
(એડવોકેટ)
મો. નં. ૯૮૨૫૧૪૫૦૮૫

@home **નિલકમલ લિમિટેડ** **Nilkamal**
CIN : L25209DN1985PLC000162
નોંધણીકૃત કાર્યાલય: સર્વે નં. 354 / 2 અને 354 / 3, રાખોલી બ્રિજ નજીક, સિલ્વાસા–ખાનવેલ રોડ, વસોના, સિલ્વાસા– 396 230 (દાદરા અને નગર હવેલીનો કેન્દ્ર શાસિત પ્રદેશ)
ફોન: 0260-2699212 • **ફેક્સ:** 0260-2699023
• **ઈમેઈલ:** investor@nilkamal.com • **વેબસાઈટ:** https://nilkamal.com

નોટિસ
(ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડમાં કંપનીના ઈક્વિટી શેરોના ટ્રાન્સફર માટે)

અત્રે કંપનીના શેરહોલ્ડરોને કોર્પોરેટ મંત્રાલય (એમસીએ) દ્વારા નોટિફાઈડ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરીટી (અકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ), નિયમો 2016, તા. 7 સપ્ટેમ્બર, 2016 અને ત્યાર બાદ સુધારેલ નિયમ તા. 28 ફેબ્રુઆરી, 2017ની જોગવાઈઓ અંતર્ગત **નોટિસ** આપવામાં આવે છે.

સુધારેલ નિયમો અંતર્ગત જે શેરો પર લાગલગાટ સાત વર્ષ સુધી ડિવિડંડ ચૂકવવામાં આવેલ ન હોય તેવા તમામ શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ) માં ટ્રાન્સફર કરવા અંગેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

નિયમોમાં સ્થાપિત વિવિધ આવશ્યકતાઓ અંતર્ગત કંપનીએ છેલ્લાં સાત લાગલગાટ વર્ષ, એટલે કે, નાણાકીય વર્ષ **2014 - 15** થી જે શેરહોલ્ડરોએ તેમનાં ડિવિડંડનો દાવો નહીં કર્યો હોય એવા શેર આ નિયમાનુસાર આઈઈપીએફ ઓથોરિટીને ટ્રાન્સફર કરવામાં આવશે, તેવા બધા સંબંધિત શેરહોલ્ડરોને, યોગ્ય પગલાં(ઓ) લેવા હેઠળ વ્યક્તિગત રીતે તેમના છેલ્લામાં છેલ્લા ઉપલબ્ધ સરનામે સંદેશવ્યવહાર મોકલ્યો છે.

કંપનીએ તેની વેબસાઇટ **https://nilkamal.com** પર 'ઈન્વેસ્ટર સર્કલ હેઠળ', આઈઈપીએફ ઓથોરિટીને ટ્રાન્સફર કરવા આવતા આ શેરહોલ્ડર (રો) અને શેરોની સંપૂર્ણ વિગતો અપલોડ પણ કરી છે.

શેરહોલ્ડરો કૃપા કરીને નોંધ લે કે દાવો નહીં કરાયેલું ડિવિડંડ અને પ્રમાણિત દાવા સુધી, જો કોઈ હોય તો, આવા શેરો પર ઉપાર્જિત બધા લાભો સહિત આઈઈપીએફ ઓથોરિટી / સસ્પેન્સ અકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનુરૂપ શેરો આ સંબંધમાં નિયમોમાં મુકરર યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા પછી આઈઈપીએફ ઓથોરિટી પાસેથી પાછો દાવો કરી શકાય છે.

પ્રત્યક્ષ સ્વરૂપમાં શેરો ધરાવતા સંબંધિત શેરહોલ્ડર(રો) અને જેમના શેરો આઈઈપીએફ સત્તાને ટ્રાન્સફર કરવા ઉત્તરદાયી છે તેઓ નોંધ લે કે આઈઈપીએફને ઓથોરિટીને શેરો ટ્રાન્સફર કરવા પર તેમને નામે નોંધણી થયેલું મૂળ શેર સર્ટિફિકેટ(ટો) આપોઆપ રદ ગણાશે અને નોન–નેગોશિયેબલ ગણાશે. ડિમેટ સ્વરૂપમાં ટ્રાન્સફર કરવા માટે ઉત્તરદાયી શેરોની માત્રામાં શેરો તે શેરહોલ્ડરોના ખાતામાંથી ડેબિટ કરાશે.

જો કંપની નાણાકીય વર્ષ **2014 - 15** થી ન ચૂકવેલા ડિવિડંડ માટે **1 સપ્ટેમ્બર 2022** સુધી સંબંધિત શેરહોલ્ડરો પાસેથી કોઈ પણ સંદેશવ્યવહાર નહીં પ્રાપ્ત કરે તો કંપની નિયમોની આવશ્યકતાનું પાલન કરવા માટે શેરહોલ્ડરોને કોઈ પણ વધુ સૂચના વિના નિયમોમાં સ્થાપિત પ્રક્રિયા અનુસાર આખર તારીખો સુધી આઈઈપીએફ ઓથોરિટીને શેરો ટ્રાન્સફર કરશે. શેરહોલ્ડરો નોંધ લે કે ડિવિડંડ અને તેમના અનુરૂપ શેરો આઈઈપીએફ ઓથોરિટી પાસે જમા કરાય પછી કથિત નિયમો અંતર્ગત તે સંબંધમાં કંપની સામે કોઈપણ દાવો નહીં કરી શકાશે.

શેરહોલ્ડરો અત્રે નોંધ લે કે, આવા શેરો પર ઉપાર્જિત બધા લાભો,જો કોઈ હોય તો,સહિત આઈઈપીએફ ઓથોરિટીને દાવો નહીં કરાયેલું ડિવિડંડ અને અનુરૂપ શેરો ટ્રાન્સફર કરાય તો નિયમો હેઠળ મુકરર અનુસાર આઈઈપીએફને ફોર્મ આઈઈપીએફ–5માં અરજી સુપરત કરીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી દાવો કરી શકાય અને તે આઈઈપીએફની વેબસાઈટ **www.iepf.gov.in.** પર ઉપલબ્ધ થશે.

તથાકથિત વિષય પર કોઈપણ સ્પષ્ટીકરણ માટે શેરહોલ્ડરોને કંપનીના કંપની સેક્રેટરી, સરનામું : નિલકમલ લિમિટેડ, 77/78, નિલકમલ હાઉસ, રોડ નં. 13/14, એમઆયડીસી, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400 093, મહારાષ્ટ્ર, ઈમેલ આઈડી: investor@nilkamal.com, ટેલિ : 022 - 4235 8653 ઉપર સંપર્ક કરવાની વિનંતી છે.

નિલકમલ લિમિટેડવતી
સહી/–
સ્થળ: મુંબઈ — **પ્રીતિ દવે**
તારીખ: 11 મે, 2022 — કંપની સેક્રેટરી

સેલ..
સેલ..
સેલ..
MAYUR FOOTWEAR
AC Showroom
Lakhani SHOES
action
Paragon
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ ફોન: 241042

ટેરેસ ગળે છે ??

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વડે વોટર પ્રુફીંગ કરી આપનાર
દરેક પ્રકારના મકાનો ને આકર્ષક કલર કામ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ
81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh, Siyaram's, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા: વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક